અપીલ અરજી નં.૮૯ તા.૧૫–૭–૦૮

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃઆસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન

***હુકમઃ–***

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૩–૬–૦૮ ની અરજીથી વડા ચૌટા ભાઈશાજીની પોસમાં આવેલા ૧૧/૬૦૬/૬૦૮ ૧૦/૧૪/૭૦ ની બાજુમાં નવા બાંધકામોમા ગેરકાયદે થયેલા બાંધકામો તોડી નાખવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૫–૭–'૦૮ ની અપીલ અરજી નં.૮૯/૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૧૩–૬–૦૮ ની અરજીથી વડા ચૌટા ભાઈશાજીની પોળમાં આવેલા ૧૧/૬૦૬/૬૦૮ ૧૦/૧૪/૭૦ ની બાજુમાં નવા બાંધકામોમા ગેરકાયદે થયેલા બાંધકામો તોડી નાખવા બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સે.ઝોન/આ. ૩૯૧ તા.૮–૭–૦૮ થી આપેલ મુદ્દા નં.૧ ની ગેરકાયદેસર બાંધકામ અંગેની આપેલ માહિતિ બાબતે માહિતી ગેરમાર્ગે દોરનાર છે. તથા આપેલ જવાબ ખોટા છે એમ જણાવી અરજદાર ધ્વારા નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૨૦ તા.૧૮–૭–૦૮ થી આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને આજ દિન સુધી અત્રેના વિભાગને માહિતી કે વિગતો મળેલ નથી.

અરજદારે મુળ અરજીમાં માંગવામાં આવેલી ગેરકાયદેસર બાંધકામ અંગેની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. આ ઉપરાંત તે અંગે થયેલ કાર્યવાહીની મનાઈ હુકમ તેમજ શોકોઝ નોટીસ આપવામાં આવેલ છે તેની વિગતો પણ જણાવેલ છે. જયારે નિયત સમય મર્યાદામાં પાઠવેલ માહિતી પત્રમાંજ નિયત ભી ભરી નકશો મેળવી લેવા પણ જણાવેલ છે. તેથી અરજદારની મૂળ અરજીમાની વિના મુલ્યે નકશાની માંગણી આરટીઆઈ એકટ હેઠળ સુસંગત નથી.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૩–૬–૦૮ ની અરજીમાં માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ જણાવેલ ગેરકાયદેસર બાંધકામ કરતાં વધુ ગેરકાયદેસર બાંધકામની રજુઆત બાબતે નિયત ફી ભરી મંજુર પ્લાનની નકલ મેળવી શકે છે. ગેરકાયદેસર બાંધકામ દુર કરવા બાબતે કાર્યવાહી હાથ ધરવા અંગે અરજાદાર સક્ષમ સત્તાધિકારીને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***
(૧) આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામ મેમણ,ચોક બજાર,